# અમારી સાધના યાત્રા

પરાવલંબન થી સ્વાવલંબન તરફ...

## વાર્ષિક અહેવાલ ૨૦૧૮ - ૨૦૧૯

## અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | | |
|---|---|---|
| માર્ગદર્શન | : | શ્રી વિનોદ હકાણી |
| સંપાદન | : | શ્રી આરીફ જેઠવા |
| સંકલન | : | શ્રી મેઘજીખાન સાયબાણી |
| | | શ્રી નેહલબેન ગઢવી |
| હિસાબી અહેવાલ | : | શ્રી વિનુભાઇ રાઠોડ |
| | | શ્રી પ્રમોદભાઇ ગાંધી |
| ટાઈપ સેટીંગ્ઝ/લે-આઉટ | : | શ્રી મયુરભાઈ રાઠોડ |

## VISION:

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participative

## MISSION:

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs

## લીગલ સ્ટેટસ:-

- ❖ ટ્રસ્ટ રજી. નં. ઈ.૪૫૯ તા. ૨૫/૦૧/૧૯૮૦
- ❖ નેશનલ ટ્રસ્ટ રજી. નં. GANK/૧૫૫૧૦૪૬૬૨૪ તા. ૧૩/૦૨/૨૦૧૭
- ❖ પી.ડબલ્યુ.ડી. એક્ટ ૧૯૯૫ રજી.નં. ૭૨/૯૭
- ❖ ઇન્કમટેક્ષ PAN-AAATA2757Q
- ❖ ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ રજી. નં.૦૪૧૯૮૦૦૬૨ તા. ૨૭/૦૧/૨૦૦૯ (સંસ્થા વિદેશી દાન માટે અધિકૃત છે)
- ❖ ડોનેશન ઈન્કમ ટેક્સ એક્ટ સેક્શન ૮૦-જી હેઠળ કરમુક્ત
- ❖ CSR હેઠળ દાન મેળવવા માટે પાત્ર

## સંપર્ક

‘અંકુર’ મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
પ્લોટ નં.૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ,
ભાવનગર - ૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)
ફોન નં.: (૦૨૭૮) ૨૫૬૬૯૫૬ / ૨૫૭૩૦૩૮
શ્રી અલ્પેશભાઈ શેઠ (માનદ્ મંત્રી) મો. ૯૯૨૫૫૩૭૮૭૮ - alpesh7878@gmail.com
શ્રી દેવલભાઈ શાહ (માનદ્ ટ્રેઝરર) મો. ૯૯૭૯૮૪૬૩૬૩ - devalshah231263@gmail.com

'Ankur' Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone: (0278) 2566956 / 2573038
E-mail: ankurmrschool.bvn@gmail.com
Shri Alpeshbhai Sheth (Hon. Secretary) Mo. 9925537878 - alpesh7878@gmail.com
Shri Devalbhai Shah (Hon. Treasurer) Mo. 9979846363 - devalshah231263@gmail.com
Visit us : www.ankurspecialschoolbhavnagar.org
http://www.facebook.com/ankurmrschool
YouTube https://www.youtube.com/watch?v=aKoSCNbF5TE

# પ્રાસ્તાવિક

**એક ડગલુ આગળ...**

બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વતી વર્ષ ૨૦૧૮-૧૯ની 'અંકુર'ની વિકાસ યાત્રાનું શબ્દ ચિત્રણ આપની સમક્ષ મુકતા આનંદ અનુભવુ છુ.

'અંકુર'માં હોવુ-'અંકુર' સાથે હોવુ એ ગર્વ ગણાય છે.

માત્ર આપણા ઈરાદાઓથી નહિ પણ આપણા પરિણામો થી આપણી ઓળખ ઉભી થાય છે અહીં તેની આછી ઝલક પ્રસ્તુત છે.

'અંકુર' એક વહેતો પ્રવાહ છે. અહીં વિકલાંગતાનો વેપાર નથી. અહીંનો દરેક દિવસ વિશિષ્ટ છે. અમારો દષ્ટિકોણ, અમારુ કાર્યક્ષેત્ર, અમારો મુદ્રાલેખ અમારુ સર્વ કાંઈ આ ''માનસિક દિવ્યાંગો'' છે ! આથી જર્જરિત જુના આઈકોન નું વિસર્જન કરી પરંપરાગત મેથડ તથા વર્ષો જુના આઉટડેટેડ સોફટવેરની જગ્યાએ નવા આયામ-નવી પધ્ધતિઓ વડે 'અંકુર'ને નવી દશા અને નવી દિશા આપવા પ્રયત્ન થઈ રહ્યો છે.

ઈન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી I.C.T. ની નિયમિત ટ્રેઈનીંગ દ્વારા સ્ટાફ ને વધુ શિક્ષિત કરી આપણા કુંઠિત બાળકોને બેઝીક તાલીમ ઉપરાંત ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણનું સ્તર સુધારવાનો ઘનિષ્ઠ પ્રયાસ શિક્ષણ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા કરી રહ્યા છે. કમ્પ્યુટર લેબ, સ્માર્ટ બોર્ડ, ટેબલેટ, ઓડિયોવિજયુઅલ જેવા હાઈટેક ઉપકરણોની મદદથી બાળકો માટે ઈ-લર્નિંગ વધુ રસપ્રદ બન્યુ છે. તેમની ગ્રહણ શકિત અને શીખવાની ઝડપમાં સારો સુધારો જોવા મળ્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા સંસ્થાના એસેસમેન્ટનો પ્રોજેકટ હાથ ધરાયો છે. દિલ્હી સ્થિત મનોવિકાસ ઈન્સ્ટીટયુટના ફાઉન્ડર ઈન્ટેલેકચ્યુઅલ ડિસેબિલીટીના માસ્ટર ડો. આલોક ભુવન (B.Sc. B.Ed. M.Ed.(H.I.) Ph.d.) ની સ્વૉટ એનાલિસીસ માટે સેવા લેવામાં આવી છે જે ગ્લોબલ પેરામીટર્સ મુજબ સંસ્થાના વહિવટી, શૈક્ષણિક સહિત સર્વગ્રાહી મુલ્યાંકનમાં ખૂબ ઉપયોગી નિવડશે.

ગુજરાતના પ્રસિધ્ધ અને લોકપ્રિય કલાકાર શ્રી સાંઈરામ દવેનો ઈસ્કોન કલબ ખાતે યોજાયેલ ''હાસ્યમંથન'' ચેરીટી શો 'અંકુર' માટે અનેક સ્વરૂપે ઐતિહાસિક રહ્યો.

અહીં ટ્રસ્ટીઓ સહિત કોઈપણ વ્યકિત માટે શ્રી એન્ટ્રી ન હતી. એકસકલ્યુઝીવ અને એબ્સોલ્યુટ પ્રી-પેઈડ પેક ઓડિયન્સ જેમાં શહેરના લબ્ધ પ્રતિષ્ઠિત અગ્રણીઓ, બુધ્ધિજીવીઓ અને પ્રોફેશનલ્સની હાજરી રહી.

દિવ્યાંગોની સામાજિક સમરૂપતા, ઈન્કલ્યુઝન, લોક ભાગીદારી, જન જાગૃતિ, ફંડ રેઈજીંગ, સંચાલન ક્ષમતા, વેન્યુ-મેન્યુ, ટીમવર્ક, ટીમ સ્પિરિટ વગેરે તમામ પાસા ખૂબ સુંદર રહ્યા. પરિણામ સ્વરૂપ સોશ્યલ પ્લેટફોર્મ પર જબરદસ્ત પ્રતિસાદ સાથે અંકુર ની ઝોળી છલકાઈ ગઈ...!

અંકુર માટે સીમાચિહન રૂપ આ મલ્ટી ડાઈમેન્શનલ મેગા ઈવેન્ટની ભવ્ય સફળતા માટે સુશ્રી નેહલબેન ગઢવી તથા શ્રી સાંઈરામભાઈ યશભાગી છે. માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ તથા ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ તેમજ સમગ્ર ‘અંકુર’ ટીમ અભિનંદનને પાત્ર છે.

RPD Act 2016 હેઠળ જિલ્લા વિકલાંગ કમિટીમાં શ્રી અલ્પેશભાઈ શેઠ તથા શ્રી ડી. જે. ધંધુકિયાની નિમણુંક સંસ્થા માટે ગૌરવની વાત છે.

ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ ૨૬ વિદ્યાર્થીઓની સંખ્યા અને સુંદર પરિણામો સાથે ફરી લાઈમ લાઈટ માં છે.

સંસ્થામાં ઉજવાતા વિવિધ ઉત્સવો અને કાર્નિવલ્સ માત્ર મનોરંજન માટે નથી. તેનાથી હાંસિયામાં જીવતા આ બાળકોનું સમાજના વિવિધ ક્ષેત્રે સ્વીકાર, સહિષ્ણુતા, સમન્વય, આત્મ ગૌરવ, રિલેશનશીપ, ડોનેશન વગેરે અનેક લક્ષ્યાંક સિધ્ધ થાય છે. સોશ્યલ એન્જીનીયરીંગનો આપણે ખુબીથી ઉપયોગ કરીએ છીએ.

શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, કારોબારી મેમ્બર્સના સર્વાંગી વિકાસ માટે કેપેસીટી બિલ્ડીંગ - એમ્પાવરમેન્ટ - એડવોકેસી - સેન્સેટાઈઝેશન-સ્કિલ ડેવલપમેન્ટ માટે સમયાંતરે એક્ષપર્ટના સેમિનાર, વર્કશોપ, ડિબેટ, CRE કાર્યક્રમો યોજાતા રહ્યા છે જે બહુ ઉપયોગી સિધ્ધ થયા છે.

અંકુરનો પ્રત્યેક વર્ગ એક કર્મખંડ છે. આપણે સ્પેશ્યલ એજ્યુકેશન ઉપરાંત રેગ્યુલર એકેડેમીક સ્ટાન્ડર્ડ ૧ થી ૫ તરફ આગળ વધી રહ્યા છીએ ઈન્કલ્યુઝનની દિશામાં આ મહત્વપૂર્ણ કદમ છે.

સ્પેશ્યલ ખેલ-મહાકુંભ માં પણ અનેક મેડલ અને પુરસ્કારો સાથે આપણો દેખાવ ઘણો સારો રહ્યો છે. ફાયર સેફટી, સર્વેલન્સ કેમેરા, વાઈફાઈ, સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ, બેરીયર ફ્રી કેમ્પસ તથા અદ્યતન સાધન સગવડો સાથે 'અંકુર'નુ ઉપવન ખીલી રહ્યુ છે.

તાળાની એક બાજુ ચાવી ફેરવતા તે તાળુ બંધ થઈ જાય છે અને એજ ચાવી જો બીજી બાજુ ફેરવવામાં આવે તો બંધ તાળુ ખુલી જાય છે માટે પ્રશ્ન ચાવીનો નથી, ચાવી કઈ બાજુ ફેરવવામાં આવે તેનો છે !

'અંકુર'નુ સદ્દભાગ્ય છે કે તેનુ સુકાન દીર્ઘદષ્ટા શ્રી બાબાભાઈના હાથમાં છે તેઓ આ ટેકનીક બરોબર જાણે છે.

વિતેલા વર્ષમાં કેટલિક દુઃખદ ઘટનાઓની નોંધ લેવી રહી સંસ્થાના અડીખમ કુવાસ્થંભ સમા મહર્ષિ શ્રી નટવરભાઈ દેસાઈની ગૌરવપૂર્ણ ચિરવિદાય થી ન પુરાય તેવો શુન્યાવકાશ ઉભો થયો છે. અલબત્ત શ્રી પ્રકાશભાઈ દેસાઈ તેમની ખોટ પુરી કરવા સતત પ્રયત્નશિલ છે.

આપણા સ્ટાફના શિક્ષિકા શ્રી વર્ષાબેન પટેલ તથા શ્રી બકુલાબેન ચૌધરીના દુઃખદ નિધન થી સંસ્થા શોકની લાગણી અનુભવે છે.

આપણા GDP નો માપદંડ 'અંકુર' ના બાળકો અને અંકુર પરિવારનો ''હેપીનેસ ઈન્ડેક્ષ'' છે. જેના આધાર સ્તંભ છે પી.એન.આર. સોસાયટીના નિસ્વાર્થ ભાવે તદ્દન માનદ્ સેવા આપતા નિષ્ઠાવાન ટ્રસ્ટીશ્રીઓ, વિકાસ પુરૂષ શ્રી બાબાભાઈ તથા શ્રી પ્રકાશભાઈ દેસાઈ, ઘડીયાળ કે કેલેન્ડર જોયા વિના સતત કાર્યરત અંકુર નો સમર્પિત સ્ટાફ, વોલિન્ટીયર્સ, શ્રેષ્ઠી દાતાઓ, પ્રત્યક્ષ-પરોક્ષ અનેક શુભચિંતકો અને ઈશ્વરનો અનુગ્રહ...

સૌના ઋણ સ્વિકાર સાથે આ સહિયારા યજ્ઞમાં જોડાવા આપ સૌને નિમંત્રણ છે...!

આપના મંતવ્યો અને મુલ્યાંકન આવકારીએ છીએ

| | | |
|---|---|---|
| અલ્પેશ શેઠ | ડી. જે. ધંધુકિયા | વિનોદ એન. હકાણી |
| માનદ્ મંત્રી (એડમિન) | માનદ્ મંત્રી (એકેડેમિક) | વાઈસ પ્રેસિડેન્ટ |

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના અનન્ય, અસામાન્ય, અલૌકિક બાળકો આપને આવકારે છે.

# માહિતી ક્રમ


| | | |
|---|---|---|
| ● | અંકુર... | ૮ |
| ૧. | જનજાગૃતિ, મેડીકલ કેમ્પ, વિવિધ થેરાપીઓ | ૧૦ |
| ૨. | મિટીંગ્સ - AGM | ૧૨ |
| ૩. | ઇ-લર્નિંગ | ૧૩ |
| ૪. | કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, ટ્રેઈનિંગ એજ્યુકેશનલ વિઝીટસ્, નોલેજ શેરીંગ | ૧૪ |
| ૫. | પ્રસંગો, ઉત્સવો, પીકનીક, રમત-ગમત, અન્ય | ૧૭ |
| ૬. | એડલ્ટ વોકેશનલ એન્ડ ઈન્ડીપેન્ડેન્ટ લીવીંગ સેન્ટર | ૨૮ |
| ૭. | નેશનલ ટ્રસ્ટ (ન્યુ દિલ્હી) | ૩૦ |
| ૮. | ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ એન્ડ પબ્લિકેશન ઈન્ફર્મેશન | ૩૧ |
| ૯. | વિવિધ પ્રોજેક્ટ | ૩૩ |
| ૧૦. | માનવંતા મુલાકાતીઓ | ૩૫ |
| ૧૧. | ઋણ સ્વીકાર | ૩૬ |
| ૧૨. | અન્ય ઉપયોગી માહિતીઓ | ૩૮ |
| ૧૩. | ‘અંકુર’ પરિવાર | ૪૦ |
| ● | દાનની અપીલ | ૪૪ |
| ● | સંસ્થાની જરૂરિયાત | ૪૫ |
| ● | આર્થિક અવલોકન : પારદર્શિતા | ૪૭ |


HIGHLIGHTS OF ACTIVITIES
Education
Clinical & Therapeutics
Extra Activities
Future Plan
Care Group Std.1
Pre-Primary Std. 1&2
Primary Std. 3&4
Pre-Vocational Std. 4&5
Vocational Training Center
National Trust Vikas Project
Clinical Psychological Assessment
Physio & Occupational Therapy
Speech Therapy
Play Therapy
Music Therapy
Behavior Modification
Guidance & Concealing
Sensory Therapy
National Trust
Cultural Activities
Special Olympics Khel Mahakumbh
Festival Celebration
Education Tour
Computer Training
Parents Association
Mothers' Training
Manpower Development
Job Placement
Orientation Programmes
Teacher's Training College
Awareness
Early Intervention
Home Based Programme
Hostel Facility
Ankur Special School for Mentally Retarded Children

# અંકુર... અમારી વાત...

'અંકુર' એ મનોદિવ્યાંગ બાળકોની જીવનશાળા છે. અહીં આવા વિશિષ્ટ બાળકોની દેખભાળ, તાલીમ અને શિક્ષણ દ્વારા તેનામાં રહેલી ક્ષમતાઓનો પરિચય કરાવી અને તેમનો સર્વાંગી વિકાસ થાય, સાથે તેમની સામાજિક રીતે સ્વિકૃતિ, સમરસતા અને તે આર્થિક રીતે પગભર થાય, ત્યાં સુધીની પ્રક્રિયા પરિપૂર્ણ કરવાનો ઉદ્દેશ્ય પાર પાડવામાં આવે છે. આ વિકાસયાત્રા ફક્ત અંકુરની જ નથી, પરંતુ તેની સાથે સંલગ્ન વાલીઓ, શિક્ષકગણ, દાતાઓ અને સંસ્થા સાથે જોડાઈને સીધી યા આડકતરી રીતે આમાં મદદરૂપ થનાર એ તમામ લોકોની પણ છે. દર વર્ષે બાળકો અને વાલીઓ અંકુર દ્વારા કંઈક પામે છે, આ કાર્યો દ્વારા અહીંનો શિક્ષકગણ અને ટ્રસ્ટીગણ પણ એક સંતોષની પરિતૃપ્તિ અનુભવે છે. આ સાધના યાત્રામાં એ તમામ કાર્યોને વધુને વધુ શ્રેષ્ઠ રીતે કરવા માટેનું મનોમંથન અને આત્મખોજ તો અવિરત ચાલુ જ હોય છે ત્યારે, આપના અમૂલ્ય સૂચનો આપશો તો આ વિકાસયાત્રા વધુને વધુ ઉત્તમ બની રહેશે. અસ્તુ.

**વિદ્યાર્થીઓની સંખ્યા**

| વર્ષ | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૬ - ૨૦૧૭ | ૧૧૫ | ૫૬ | ૧૭૧ |
| ૨૦૧૭- ૨૦૧૮ | ૧૨૪ | ૫૪ | ૧૭૮ |
| ૨૦૧૮ - ૨૦૧૯ | ૧૩૧ | ૪૯ | ૧૮૦ |




હંમેશા મંદિરોં - મસ્જિદ મેં વો નહીં રહતા
સુના હૈ બચ્ચોં મેં છુપ કર વો ખેલતા ભી હૈ !

# દિવ્યાંજલિ

જીવન અને મૃત્યુ એ ઈશ્વરની ઈચ્છાને આધિન છે, પણ જેમણે સ્વજન ગુમાવ્યાં છે એવી વ્યકિતને તેનાં વિયોગનું દુઃખ હોય તે સ્વાભાવિક છે. અહીં સંસ્થા સાથે જોડાયેલ અંગત સ્વજનોના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ તેના શોકમાં સહભાગી થવાનો ઉપક્રમ છે.

**શ્રી નટવરભાઇ દેસાઇ**



મૃત્યુ એ જીવનનું અંતિમ સત્ય છે, દરેક જીવન મૃત્યુનાં પડછાયાં નીચે જ વિસ્તરે છે, વિકસે છે અને પાંગરે છે જીવનના અમૂક સત્યો સ્વીકારવા માટે જ હોય છે.

મનુષ્ય માટે શકય છે, કે તે પોતાની લાગણી સાથે ઝઘડે નહી પણ તેનો સ્વીકાર કરે. શ્રી નટવરભાઇ દેસાઇએ તેમનું જીવન અન્યની સેવામાં પસાર કર્યું. લોકો મૃત્યુ સાથે ઉદાસી અને વેદનાનાં સંબંધ કરી નાખે છે, પણ તેઓએ તેમના જીવનમાં બનેલી મૃત્યુની ઘટનાને, પોતાના પત્નીનાં મૃત્યુને પરોપકાર, સેવા, સંગીત, સાહિત્ય સાથે જોડી આપ્યું એ આમ જોવો તો સૌ માટે સંદેશ છે.

દરેકનું મૃત્યુ આપણને જીવનની નિરર્થકતા સમજાવે છે. પણ શ્રી નટવરભાઇ દેસાઇનું મૃત્યુ જીવનની સાર્થકતા સમજાવે છે.



**શ્રી વર્ષાબેન પટેલ**

શાળા પરિવારના ઉદ્યોગ શિક્ષક તથા શાળાના પાયાના પથ્થર સમાન શ્રી વર્ષાબેન પટેલનું તા. ૨૦/૧૨/૨૦૧૮નાં રોજ અવસાન થયેલ ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.



**શ્રી બકુલાબેન ચૌધરી**

શાળા પરિવારના મદદનિશ શિક્ષક શ્રી બકુલાબેન ચૌધરીનું તા.૧૪/૦૧/૨૦૧૯નાં રોજ અકસ્માતમાં મૃત્યુ થતા શાળા પરિવાર શોક મગ્ન થયેલ, તા.૧૯/૦૧/૨૦૧૯નાં રોજ પ્રાર્થના સભાનું આયોજન કરેલ. બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપેલ.

પરમ અસ્તિત્વ આત્માને અનંત શાંતિ અર્પે એવી પ્રાર્થના

## ૧. જનજાગૃતિ, મેડીકલ કેમ્પ, વિવિધ થેરાપીઓ

### મેડિકલ કેમ્પ...

● **શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રાજય સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત શાળાના બાળકો માટે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડો.પ્રણવ પુનાસવાલ, ડો.આદિત્ય નિખીલેશ્વર (પિડીયાટ્રીશન) તેમજ ડો. સ્નેહા વાઢેર, ડો. સારંધા શ્રી વાસ્તવ (સાઈકીયાટ્રીક) તમામ સર.ટી.હોસ્પીટલ એ સેવા આપેલ આ મેડિકલ ચેકઅપ કેમ્પમાં કુલ ૧૩૭ બાળકોનું ચેકઅપ કરવામાં આવેલ તથા વધુ તકલીફવાળા ૨૯ બાળકને સંદર્ભકાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ તથા જરૂરી ફોલોઅપ માટે વાલીને માહીતગાર કરવામાં આવેલ.

આ મેડિકલ કેમ્પને સફળ બનાવવા માટે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક શ્રી પારસભાઈ પરમારે સરાહનિય કામગીરી બજાવેલ.




### વિવિધ થેરાપીઓ...

● **મ્યુઝિક થેરાપી**

સંગીત સાંભળવાની, ગાવાની, કે વાદ્ય વગાડવાની કોઈપણ સ્થિતિમાં સંગીત દ્વારા મનુષ્ય શરીરમાં રહેલા ત્રિદોષ - વાત, પિત્ત, કફની માત્રા સપ્રમાણ જળવાઈ રહે છે. જેથી રોગપ્રતિકાર શકિત વધે છે, અને શારીરિક-માનસિક સ્વસ્થતા જળવાઈ રહે છે. ઔષધિરહિત આ ચિકિત્સા કોઈ આડઅસર વગરની છે. સંગીતની મદદથી શરીરના દરેક તંત્રનું કાર્ય (પાચનતંત્ર, ઉત્સર્જનતંત્ર, શ્વસનતંત્ર વગેરે..), રકતવાહિનીઓની ગતિ વગેરે જળવાઈ રહે છે. માનસિક અને શારીરિક રીતે નબળા બાળકોમાં કોમ્યુનિકેશન તથા મોટરસ્કિલને વિકસિત કરવામાં ઘણો મોટો ફાળો સંગીત આપી શકે છે. બાળકોમાં આઈ-હેન્ડ-કોર્ડીનેશન થવામાં સંગીત ખુબ ઉપયોગી નીવડે છે.

સમગ્ર વર્ષ દરમ્યાન મ્યુઝિક થેરાપીમાં નીચે મુજબ સેશન આપવામાં આવેલ.



**વિદ્યાર્થીઓની સંખ્યા**

| | | |
|---|---|---|
| ૧. | વર્ગ પ્રમાણે કુલ સેશન | ૪૦૩ |
| ૨. | વ્યકિગત થેરાપી સેશન | ૧૯૮ |
| ૩. | યોગ સેશન | ૧૭૨ |
| ૪. | ડ્રોઈંગ અને ક્રાફટ સેશન | ૧૫૫ |

ડો. ભાવના અંધારિયા
(મ્યુઝીક થેરાપીસ્ટ)

- **ફિઝીયોથેરાપી**

મંદબુધ્ધિ બાળકના માનસિક વિકાસની સાથે સાથે તેમના શારીરિક વિકાસમાં પણ ઘણાં જ ફેરફાર થતા હોય છે. મંદબુધ્ધિ બાળકોને સ્નાયુનું ઢીલાપણું, કઠણપણું, લાળ પડવી, ચાલવાની ખોટી રીત, કરોડરજજુની રચનામાં તફાવત દેખાય છે આવી ઘણી જ તકલીફો જોવા મળે છે. શરીરમાં વધારાની ચરબી જમા થાય છે જેથી બાળકમાં મેદસ્વીતા (Obesity) પણ જોવા મળે છે. સાથે Posture પણ બદલાયેલું જોવા મળે છે. હાથની પકડ ઓછી હોવી, Moment અને Rom માં પણ ફેરફાર વગેરે જેવી તકલિફો મંદબુધ્ધિના બાળકોમાં જોવા મળે છે.

ફિઝીયોથેરાપી સારવાર ખર્ચાળ છે. તેથી તે ઘણાં વાલીઓને પોસાય તેમ નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને શાળામાં અદ્યતન ફિઝીયોથેરાપી વિભાગ કાર્યરત છે.



ડો. રાધિકા રાઠોડ
(ફિઝીયોથેરાપીસ્ટ)

| કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૪૭ કુલ સેશન : ૧૯૬૦ |
|---|

- **સ્પીચ થેરાપી**

લોકો માટે ‘મંદબુધ્ધિ’ જ એક સમસ્યા છે, જેમાં સૌથી મોટો પ્રશ્ન એ વાણીનો છે. આવા બાળકો માટે કે જેઓમાં ઘણી બધી ક્ષમતાઓ હોવાં છતાં તેઓ જયારે વાચા/વાણીની સમસ્યાથી પિડાય છે ત્યારે, તેમના માટે દૈનિક જીવનમાં, રોજ-બ-રોજના કાર્યોમાં તેને ઘણી જ મુશ્કેલીઓ ઉભી થાય છે.



આ મુશ્કેલીઓ દુર કરવા અઠવાડિયામાં બે વાર તેને સ્પિચ અને કોમ્યુનીકેશનની તાલીમ અપાય છે. માત્ર એટલું જ નહીં, પરંતુ તેના વર્ગ-શિક્ષકને પણ ખાસ સૂચના અપાય છે કે વર્ગમાં તેની પ્રવૃત્તિઓ દરમ્યાન બાળક તેને અનુસરે, તેનો અમલ કરે. આ ઉપરાંત, વાલીને પણ બાળક ઘરે અમુક પ્રયત્ન કરે તે માટે તેને પ્રેકટીસ કરાવે તેની સૂચના અપાય છે. આ ઉપરાંત ટેકનોલોજીનો ઉપયોગ કરી સ્પીચ થેરાપીને લગતી અલગ-અલગ એપ્લીકેશન દ્વારા તાલીમ આપવામાં આવે છે.

| કુલ લાભાર્થી (બાળકો)ની સંખ્યા : ૬૧ કુલ સેશન : ૧૪૪૩ |
|---|

શ્રી કિષ્ના રૂપેરા
(સ્પેશયલ એજયુકેટર)



- **સંસ્થાની વાર્ષિક મિટીંગ (AGM)**

તા.૧૬/૦૯/૨૦૧૮ના રોજ શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) ની અધ્યક્ષતામાં ટ્રસ્ટી મંડળ તેમજ કાર્યવાહક કમિટીંની વર્ષ : ૨૦૧૭-૧૮ની વાર્ષિક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવેલ. શૈક્ષણિક પ્રવૃત્તિનો અહેવાલ શ્રી ડી. જે. ધંધુકિયાએ રજૂ કરેલ. તેમજ માનદ્ ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહે ઓડિટેડ હિસાબો રજૂ કરેલ તથા શાળાની અન્ય પ્રવૃત્તિઓ વિશે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ સુંદર માહિતી આપેલ તેમજ વર્ષ : ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવેલ તેમજ સુંદર વાર્ષિક અહેવાલ તૈયાર કરવા બદલ શ્રી વિનુભાઈ હકાણી, આરીફ જેઠવા તથા મયુર રાઠોડને અભિનંદન પાઠવવામાં આવેલ. આ પ્રસંગે હાજર ટ્રસ્ટીશ્રીઓ તેમજ સભ્યો દ્વારા અંકુરની કામગીરીને બિરદાવી સમગ્ર ટીમને અભિનંદન આપવામાં આવેલ.

- **અર્ધ વાર્ષિક વાલી મિટીંગ...**

તા.૨૯/૧૦/૨૦૧૮નાં રોજ વર્ગો મુજબ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવેલ અને વાલીઓને બાળકોનો ૬ માસનો પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ. તથા વેકેશનમાં બાળકોને ઘરે તાલીમ આપવા અંગેનું માર્ગદર્શન આપેલ.


- **I.C.T. ટ્રેઈનિંગ**

મનોદિવ્યાંગ બાળકો પણ વર્તમાન પ્રવાહને અનુરૂપ આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ કમ્પ્યુટર, ટેબલેટ, સ્માર્ટબોર્ડ તથા ઈ–લર્નિંગના માધ્યમથી શિક્ષણ મેળવે તથા આધુનિક ટેકનોલોજીથી પરિચીત થાય અને સામાન્ય પ્રવાહમાં સરળતાથી ભળી શકે તેવા આશયથી તેમજ બાળકોને ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ આપવાના અભિગમથી સ્ટાફને ઈન્ફર્મેશન ટેકનોલોજીથી સુસજ્જ કરવા અને ગ્લોબલ સીનારીઓ સાથે તાલ મેળવવાના હેતુથી શાળામાં **I.C.T.** (ઈન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી) તાલીમનું નિયમિત આયોજન કરવામાં આવે છે. જેમાં **I.C.T.** ના નિષ્ણાંત તજજ્ઞ શ્રી નવનીતભાઈ રાઠોડ તથા નિરજભાઈ રાજયગુરૂ દ્વારા ખુબ જ ઝીણવટ પૂર્વક તથા રસપ્રદ માહિતીઓ થકી દરેક શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે. સાથો સાથ શાળાના મદદનીશ શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ દ્વારા પણ દરેક શિક્ષકોને અલગ-અલગ ગ્રુપમાં નિયમિત તાલીમ આપવામાં આવે છે જેમાં સ્માર્ટબોર્ડ તથા મનોદિવ્યાંગ બાળકોને ઉપયોગ જુદી-જુદી એપ્લીકેશનો અંગે પણ માહિતી પૂરી પાડવામાં આવે છે શાળાના માનદ્ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયાના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ ઈ–લર્નિંગ પ્રોજેકટના દુરોગામી પરિણામ જોવા મળશે.











***Teach me skills do not treat my ills***

## ૪ કેપેસીટી બિલ્ડીંગ : વર્કશોપ્સ, સેમીનાર્સ, ટ્રેઈનીંગ, એજ્યુકેશનલ વિઝિટસ, નોલેજ શેરીંગ

● **ઓરિએન્ટેશન વર્કશોપ - ''ચાલો આપણા બાળકોને ઓળખીએ''**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે દર વર્ષની માફક આ વર્ષે પણ તા.૧૦/૦૮/૨૦૧૮ થી તા.૩૧/૦૮/૨૦૧૮ દરમ્યાન શાળામાં ''ચાલો આપણા બાળકોને ઓળખીએ'' થીમ ઉપર એક ઓરિએન્ટેશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૪૦ વાલીઓ હાજર રહેલ. મંદબુધ્ધિ બાળકોનાં જીવનમાં તાલીમ અને શિક્ષણમાં માતા-પિતાની ભુમિકા ખુબ જ અગત્યની હોય તે હેતુને ધ્યાનમાં રાખી આ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપની શરૂઆત વાલીઓ દ્વારા દિપ પ્રાગટયથી કરવમાં આવેલ. માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા પ્રાસંગીક ઉદ્બોધન કરવામાં આવેલ. તેમજ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ શાળા અંગેની માહીતી પુરી પાડેલ. ત્યારબાદ શિક્ષકશ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ મંદબુધ્ધિ એટલે શું ? તેના કારણો-લક્ષણો-પ્રકારો તેમજ તેને અટકાવવાના ઉપાયો વિશે રસપ્રદ શૈલીમાં માહિતી પુરી પાડેલ. ત્યારબાદ શિક્ષક શ્રી પારૂલબેન પાઠકે બાળકોના વિકાસાત્મક તબકકાઓ અંગે વાત કરેલ. તેમજ મંદબુધ્ધિ બાળકોના વિકાસમાં વાલીનો ફાળો વિશે શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ માહિતી આપેલ. તેમજ મંદબુધ્ધિ બાળકો માટે દૈનિક ક્રિયાઓનાં મહત્ત્વ અંગે ડો. શ્રી ભાવનાબેન અંધારિયાએ માહિતી આપેલ. તેમજ શિક્ષકશ્રી હરદીપભાઈ કામળીયાએ મંદબુધ્ધિ બાળકોમાં જોવા મળતી વર્તણુક સમસ્યાઓ તથા તેને સુધારવાના ઉપાયો અંગે સરળ ભાષામાં માહિતી આપેલ. તેમજ શાળામાં આપવામાં આવતી વિવિધ થેરાપીઓ અંગે શિક્ષક શ્રી નેહલબેન ગઢવીએ તેની વિશિષ્ટ શૈલીમાં સુંદર રજુઆત દ્વારા વાલીને માહિતગાર કરેલ. ત્યારબાદ શિક્ષકશ્રી રેશ્માબેન શાહે મંદબુધ્ધિ બાળકના વિકાસમાં સામાજીકરણ અને ઘરેલું બાબતોને સરળ ભાષામાં વાલીઓને સમજાવેલ તેમજ મંદબુધ્ધિ બાળકોના શિક્ષણમાં શિક્ષણના જુદા જુદા એરીયાની કેટલી અગત્યતા રહેલી છે તેના વિશે શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે માહિતી પુરી પાડેલ. તેમજ શિસ્ત અને સલામતી અંગે શિક્ષકશ્રી હિનાબેન ગળથરીયા તથા ડો.ભાવિકાબેન કામદારે માહિતી આપેલ. અને અંતમાં મંદબુધ્ધિ બાળકોને સરકાર ધ્વારા મળતા લાભો અંગે શિક્ષકશ્રી પારસભાઈ પરમારે સરળ ભાષામાં ઉપયોગી માહિતી પુરી પાડેલ.








આ સમગ્ર વર્કશોપનું આયોજન શાળાના શિક્ષકશ્રી પારૂલબેન પાઠકે કરેલ આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ આ વર્કશોપ સુંદર રીતે સંપન્ન થયેલ.




- **સ્વૉટ એસેસમેન્ટ**

શાળામાં શિક્ષણ અને તાલીમને વધુ ગુણવત્તા સભર બનાવવા તેમજ મેનેજમેન્ટ સ્ટાફ તથા વાલીઓના એમ્પાવરમેન્ટના ઉદેશથી તજજ્ઞોનું માર્ગદર્શન મેળવવાના આશયથી કેપેશીટી બિલ્ડીંગના પ્રોજેક્ટ હેઠળ તા.૨૧ થી ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમ્યાન શાળામાં ''સ્વૉટ એસેસમેન્ટ'' અંગેના પાંચ દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવેલ જેમાં દિલ્હી સ્થિત મનોવિકાસ કેન્દ્રના ડાયરેકટર ડો. આલોક ભુવન ઉપસ્થિત રહી શાળાના વિવિધ વિભાગો તથા દરેક પાસાઓનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરેલ જે માટે તેઓએ શાળાની વિઝીટ કરેલ, સ્ટાફ સાથે મીટીંગ કરેલ તેમજ વાલીઓ, ડોનર્સ તેમજ મેનેજમેન્ટ સાથે પણ વાર્તાલાપ કરેલ. વિવિધ ફોર્મ્સ દ્વારા માહીતી એકઠી કરેલ. આ કાર્યક્રમ દરમીયાન મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતભાઇ કે. શાહ (શ્રી બાબાભાઇ) પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતભાઇ એ. શાહ (શ્રી મફતભાઇ), પ્રમુખ શ્રી શશીભાઇ વાધર, ઉપ પ્રમુખ શ્રી વિનુભાઇ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઇ શેઠ, શ્રી ડી. જે. ધંધુકીયા, ટ્રેઝરર શ્રી દેવલભાઇ શાહ, દાતા શ્રી પ્રણયભાઇ ગાંધી વિગેરે હાજર રહી પોતાના મંતવ્યો રજુ કરેલ. માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકીયા આ પ્રોજેક્ટનું મોનીટરીંગ કરી રહ્યા છે.








# નવતર અભિગમ

● **ગમ્મત સાથે જ્ઞાન**



વિશિષ્ટ બાળકોને તાલીમ આપવા માટે વિશિષ્ટ પધ્ધતિઓ અપનાવવામા આવતી હોય છે તે અંતર્ગત શાળાના વિશિષ્ટ શિક્ષક શ્રી હરદીપભાઇ કામળીયા દ્વારા મંદબુદ્ધિ બાળકોને ગુજરાતી મુળાક્ષરો શિખવવા માટે એક વિશિષ્ટ પધ્ધતિ અપનાવવામા આવેલ જેમા મૂળાક્ષરો બોલતા શિખવવા માટે સૌ પ્રથમ તેમને કકકામા આવતા ચિત્રો થી પરિચિત કરાવવા ચિત્રોની સંપુર્ણ ઓળખ થયા બાદ આ ચિત્રોને એક પછી એક જોડી વાર્તાના સ્વરૂપમા રજુ કરવા, વાર્તા પણ એવી જ કે જેમા આ બાળકોને આનંદ આવે અને સાથો સાથ સમજણ પણ મેળવે. ચિત્રોને એ રીતે સાંકળવા કે એક મુળાક્ષર બોલો એટલે બાળકને એ પછી આવતો મુળાક્ષર આપમેળે જ યાદ આવે. જેમ કે ''ધજાની નીચે નગારૂ વાગ્યુ'' કે ''રમકડામાથી લખોટી નીકળી'' આમ બાળકો રમતા રમતા વાર્તા સ્વરૂપે મુળાક્ષરો બોલતા શીખે છે.

● **વાર્ષિક પરીક્ષા**



શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન શાળામાં તાલીમ મેળવતા બાળકોને ગ્રુપ પ્રમાણે ૧ થી ૪ ધોરણમાં વહેચવામાં આવેલ અને સમગ્ર વર્ષ દરમ્યાન તે ધોરણના પાઠ્ય પુસ્તક મુજબ બાળકોને તાલીમ આપી વર્ષના અંતે બાળકોની મૌખિક-લેખીત તથા ઈશારા પધ્ધતિથી પરીક્ષા લેવામાં આવેલ અને વાલીઓને બાળકોનાં પ્રગતિ અહેવાલ આપવામાં આવેલ.

## ૫. પ્રસંગો, ઉત્સવો, પીકનીક, રમત-ગમત, અન્ય

સંસ્થાની એક પરંપરા રહી છે કે વિવિધ ઉત્સવો, વર્લ્ડ ડે તથા કાર્નિવલ્સની નિયમીત ઉજવણી કરવી. તેનો હેતુ ફક્ત મનોરંજન નથી પરંતુ તેનાથી હાંસિયામા જીવતા આ બાળકોનું પારિવારીક, સામાજિક, શૈક્ષણિક, આર્થિક વ્યાવસાયિક તમામ ક્ષેત્રે સ્વીકાર અને સમાયોજન થાય તે છે.

- **વિશ્વ યોગ દિવસની ઉજવણી**



તા.૨૧/૦૬/૨૦૧૮નાં રોજ દર વર્ષની માફક આ વર્ષ પણ જિલ્લા વહીવટી તંત્ર ધ્વારા યુનિવર્સીટી ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રિય યોગ દિવસની સુંદર ઉજવણી કરવામાં આવેલ જેમાં શાળાના કુલ ૬૮ બાળકો તથા સ્ટાફ ઉત્સાહભેર જોડાયેલ.

- **પ્રવેશોત્સવ અને કાનૂની માર્ગદર્શન શિબિર**






તા.૧૧/૦૭/૨૦૧૮નાં રોજ શાળા ખાતે પ્રવેશોત્સવ તથા કાનૂની માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થીની કુ.મહેઝબીન દ્વારા સુંદર પ્રાર્થના રજુ કરવામાં આવેલ ત્યારબાદ માનદ્ મંત્રીશ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટ ધ્વારા સ્વાગત કરવામાં આવેલ તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માં નવા પ્રવેશ પામેલા બાળકોને મહેમાનો ધ્વારા તિલક કરી તથા મો મીઠુ કરાવી શાળા પ્રવેશ કરાવેલ.

ત્યારબાદ અતિથિ વિશેષ જસ્ટીસ શ્રી આર.બી. મારફતિયા સાહેબ (સેક્રેટરી, ડિસ્ટ્રીક્ટ લિગલ સર્વિસીસ ઓથોરિટી ભાવનગર) દ્વારા મંદબુદ્ધિ બાળકોના વાલીઓને કાનૂની માર્ગદર્શન આપવામાં આવેલ.

આ પ્રસંગે શાળાના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ, શ્રી ડી. જે. ધંધુકિયા વગેરે ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ તથા આભારવિધિ શ્રી પ્રતિક્ષાબેને કરેલ કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી હિનાબેન ગળથરિયાએ કરેલ.

- **સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી**



શાળા ખાતે પુરા આન-બાન અને શાનની સાથે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ. ચાલુ વર્ષ દરમ્યાન નિવૃત થનાર શાળાના સિનિયર શિક્ષક શ્રી વર્ષાબેન પટેલના હસ્તે ધ્વજવંદન યોજવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા આવેલ મહેમાનોનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. સંસ્થાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે આવેલ મહેમાનોનું પુષ્પગુચ્છ થી અભિવાદન કરેલ. તેમજ માનદ્ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા દ્વારા શ્રી વર્ષાબેન પટેલને સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવેલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ હકાણી તથા શિક્ષકશ્રી પારૂલબેન પાઠકે નિવૃત થતા શિક્ષકશ્રી વર્ષાબેન પટેલ સાથેના સંસ્મરણો વાગોળેલ તેમજ સંસ્થાના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણીએ નિવૃત થનાર શિક્ષકશ્રી વર્ષાબેન પટેલ વિશેના પોતાના વિચારોનો સંદેશો મોકલાવેલ જે શ્રી મેઘજીખાન સાયબાણીએ વાંચી સંભળાવેલ. આ પ્રસંગે શિક્ષકશ્રી વર્ષાબેન પટેલના પરિવારજનો તથા ટ્રસ્ટીશ્રીઓ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદનવિધિ શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ શ્રી પ્રજ્ઞાબેન ચૌહાણે કરેલ.

- **રક્ષાપર્વની ઉજવણી**



તા.૨૩/૦૮/૨૦૧૮ના રોજ નંદકુંવરબા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના બાળકો સાથે રક્ષાપર્વની ઉજવણી કરવામાં આવેલ. સાથો સાથ દરવર્ષની માફક આ વર્ષે પણ શાળાના બાળકોએ રોટરી રાઉન્ડ ટાઉન કલબના સભ્યો સાથે રક્ષાપર્વની ઉજવણી કરેલ.

- **કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી**



તા.૨૯/૦૮/૨૦૧૮નાં રોજ ભારે હર્ષોલ્લાસથી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાની વિદ્યાર્થી કુ. જાનકી મહેતા દ્વારા શ્લોકગાન કરવામાં આવેલ. શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા મહેમાનોનું શાબ્દીક તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના બાળકો તેમજ સ્ટાફ દ્વારા મટકી ફોડ તથા કૃષ્ણને ઝુલા ઝુલાવવાનો કાર્યક્રમ રજુ કરવામાં આવેલ તેમજ કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકો સ્ટાફ તથા મહેમાનોઓએ રાસ રમેલ. આ પ્રસંગે શેઠ બ્રધર્સ પરિવારના શ્રી કમલેશભાઈ શેઠ તેમજ VYO (વલ્લભ યુથ ઓર્ગેનાઈજેશન) ના પ્રમુખશ્રી દેવલભાઈ શાહ તથા સર્વશ્રી નિલાબેન જે. મહેતા તથા અચ્યુતભાઈ મહેતા, અરવિંદભાઈ શેઠ તથા અન્ય સભ્યો ઉપરાંત શાળાના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ વગેરે ઉપસ્થિત રહેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે તેમજ આભારવિધિ શ્રી જયપાલસિંહ ગોહિલે કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ મિત્રોએ સરાહનિય કામગીરી બજાવેલ.

- **ગાંધી જયંતિની ઉજવણી**



તા.૦૧/૧૦/૨૦૧૮ના રોજ શાળામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવેલ જેમાં બાળકોએ ગાંધીજીની વેશભુષા તેમજ ખોટું ન બોલવા ન સાંભળવા અને ખોટું ન જોવા વિશેના પ્રતિક એવા ત્રણ વાંદરાના મોહરા દ્વારા નાટક રજુ કરેલ તેમજ ગાંધીજીના જીવન ચરિત્ર પર આધારીત ફિલ્મ બતાવવામાં આવેલ.

- **નવરાત્રિ પર્વની ઉજવણી**



તા.૧૩/૧૦/૨૦૧૮ને શનિવારના રોજ દિપક હોલ ગ્રાઉન્ડ ખાતે મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળનાં સહયોગથી નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના બાળકો દ્વારા સુંદર પ્રાર્થના રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહે આવેલ મહેમાનોનું શાબ્દીક તેમજ સ્મૃતિ ભેટથી સ્વાગત કરાવેલ. ત્યારબાદ મહેમાનશ્રીઓ તથા સ્ટાફ તેમજ વાલીઓ દ્વારા આરતી કરવામાં આવેલ. તેમજ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ શાળાના બાળકો વાલીઓ તથા સ્ટાફ પરિવાર દ્વારા ગરબા રમવામાં આવેલ. નોંધપાત્ર બાબત એ છે કે ઓરકેસ્ટા તથા સિંગર બંન્ને અંધ ઉદ્યોગ શાળાના બાળકો દ્વારા ખૂબ જ સરસ રીતે રજૂ કરવામાં આવેલ.




આ પ્રસંગે ડો. શ્રી ગીરીશભાઈ વાઘાણી (વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી), શ્રી સુનિલભાઈ વડોદરીયા (પ્રમુખ, સૌરાષ્ટ ચેમ્બર ઓફ કોમર્સ), શ્રી ગીરીશભાઇ શાહ, શ્રી ગીરીશભાઇ શેઠ, શ્રી જતિનભાઈ મણિયાર (પ્રમુખ, મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળ) તેમજ શાળાના ઉપ પ્રમુખ શ્રી વિનુભાઇ હકાણી, માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઇ શેઠ, ટ્રેઝરર શ્રી દેવલભાઇ શાહ, તથા પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઇ શાહ (શ્રી મફતભાઇ) ઉપસ્થિત રહેલ. વિશેષમાં મોઢ વણિક જ્ઞાતિ યુવક મંડળ તરફથી દરેક બાળકોને ગીફ્ટ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફ મિત્રોએ સરાહનિય કામગીરી બજાવેલ.

- **દિપાવલી પર્વની ઉજવણી**

તા.૨૭/૧૦/૨૦૧૮ને શનિવારના રોજ શાળામાં દિપાવલી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ.




કાર્યક્રમની શરૂઆતમાં શાળાની વિદ્યાર્થીની ધારા ત્રિવેદી દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવેલ. ત્યારબાદ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દીક તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. તેમજ શાળાની વિદ્યાર્થીનીશ્રી મિનલ રાઠોડે દિવાળીનાં તહેવાર વિશે સરળ ભાષામાં સુંદર માહિતી આપેલ. ત્યારબાદ મહેમાનો દ્વારા બાળકોને ફટાકડાનું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી પરાગભાઈ મણિયાર, શ્રી ચેતનભાઈ ખંભાતી તેમજ પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ) તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ ઉપસ્થિત રહેલ તેમજ દર વર્ષની માફક આ વર્ષે પણ સ્વ. જીતુભાઈ ફટાકડાવાળા (નિમેષભાઈ દેસાઈ) તરફથી દરેક બાળકોને ફટાકડા આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધી શ્રી પારૂલબેન પાઠકે કરેલ.

● **વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી**



સમગ્ર વિશ્વમાં ૩જી ડિસેમ્બર ''વિશ્વ વિકલાંગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે જેના ભાગરૂપે 'અંકુર' શાળામાં પણ વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં બાળકોને ગ્રુપ મુજબ વિવિધ રમતો રમાડવામાં આવેલ. તેમજ બાળકોને ફ્રિ ડાન્સ કરાવવામાં આવેલ. તેમજ વિવિધ રમતોમાં વિજેતા થયેલા બાળકોને મહેમાનશ્રીઓ દ્વારા ઈનામો આપવામાં આવેલ.

વિશેષમાં સંસ્થાની વિદ્યાર્થીની કું. મહેઝબીન દાઉદાણી ફલોરહોકી નેશનલ ચેમ્પીયનશીપમાં તા.૨૫/૧૧/૨૦૧૮ થી તા.૩૦/૧૧/૨૦૧૮ સુધી હરિદ્વાર ખાતે રમવા ગયેલ અને તેણીએ ગોલ્ડ મેડલ મેળવેલ જેનું સન્માન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ કરેલ. રમત-ગમતનું સંકલન શ્રી જયપાલસિંહ ગોહિલ શ્રી હરદિપભાઈ કામળીયા તથા શ્રી આરીફભાઈ જેઠવાએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે સરાહનિય જહેમત ઉઠાવેલ.

● **વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી**

૮મી ડિસેમ્બર ''વિશ્વ માનસિક વિકલાંગ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે શાળામાં પણ આ દિવસની ઉજવણી કરેલ જેમાં અતિથિ-વિશેષ તરીકે શ્રી લાભુભાઈ સોનાણી (જનરલ સેક્રેટરી-અંધ ઉદ્યોગ શાળા - ભાવનગર) ઉપસ્થિત રહેલ અને તેઓએ દિવ્યાંગ બાળકો માટેના હકક અને કાયદા વિશે વાત કરેલ. જેમાં વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ તેમજ શાળાના ઉપ પ્રમુખ શ્રી વિનુભાઇ હકાણી, માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઇ શેઠે પ્રોત્સાહક હાજરી આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરાએ અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.






● **નાતાલ પર્વની ઉજવણી**

તા.૨૨/૧૨/૨૦૧૮ના રોજ ઈસ્કોન કલબ ખાતે નાતાલ પર્વની સુંદર ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે વોલિન્ટીઅર તથા દાતાશ્રી હંસાબેન ફતનાણી તરફથી બાળકોને ફિલ્મ બતાવવામાં આવેલ તેમજ શાંતા કલોઝ તથા વિવિધ વેશભુષા દ્વારા બાળકોને મનોરંજન પુરૂ પાડેલ તથા બાળકોને ફ્રી ડાન્સ કરાવવામાં આવેલ. અંતમાં દાતાશ્રી તરફથી બાળકોને સરસ ભોજન કરાવવામાં આવેલ.







● **પતંગોત્સવ**

દર વર્ષની માફક આ વર્ષે પણ ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય તથા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ઉત્તરાયણ નિમિત્તે શાળાના દરેક બાળકોને પતંગ તથા ફીરકીનું વિતરણ કરવામાં આવેલ.

● **પ્રજાસત્તાક પર્વની ઉજવણી**



શાળા ખાતે ૭૦માં પ્રજાસત્તાક પર્વની સંપૂર્ણ આન-બાન અને શાનની સાથે ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી મહેશભાઈ ઓધારિયા (બ્રાન્ચ મેનેજર, બેન્ક ઓફ બરોડા) ભાવનગરના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ બાળકોને ગ્રુપ પ્રમાણે અલગ-અલગ રમતો રમાડેલ અને વિજેતા થયેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ.



આ કાર્યક્રમમાં શ્રી વસંતભાઈ ગાંધી, શ્રીમતી શકુંતલાબેન ગાંધી (U.S.A.) તથા ધવલભાઈ શેઠ (ભાવનગર) ઉપસ્થિત રહેલ. તેમજ શાળાના ઉપપ્રમુખશ્રી વિનુભાઈ હકાણી, ટ્રેઝરરશ્રી દેવલભાઈ શાહ તેમજ ટ્રસ્ટીશ્રી રાજેશભાઈ હકાણી હાજર રહેલ. ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.

● **ધૂળેટી પર્વની ઉજવણી**



તા.૧૮/૦૩/૨૦૧૯ના રોજ દર વર્ષની જેમ આ વર્ષે પણ લાયન્સ કલબના સભ્યો દ્વારા બાળકો સાથે હર્ષોલ્લાસ સાથે ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે લાયન્સ કલબના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તથા અંતમા કલબના સભ્યો દ્વારા દરેક બાળકોને પીચકારી આપવામા આવેલ તથા નાસ્તો કરાવવામાં આવેલ.

● **''હાસ્યમંથન'' ચેરીટી શો**




'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા મંદબુધ્ધિ બાળકોના શિક્ષણ, તાલીમ કેળવણીના ક્ષેત્રે ૪૦ વર્ષથી નોંધપાત્ર કામ કરી રહીં છે. મંદબુધ્ધિ બાળકોની સમસ્યાઓ પણ તેમના જેવી જ અસામાન્ય છે. શાળામાં આવતા બાળકોને રીક્ષા સહાય આપવામાં છેલ્લા ઘણાં વર્ષોથી સમસ્યા રહે છે. દર વર્ષે સંસ્થા ૧ બાળક પાછળ રૂા.૧૮,૦૦૦/- જેટલો વાર્ષિક ખર્ચ કરે છે. આવા ૧૮૦ બાળકોને સુંદર જીવનનો પરિચય થાય એ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહે છે. સંસ્થાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવીએ આ બાળકોની વ્યથા અને કથા દર્શાવતો એક વિડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ કરેલ. આ વિડીયો આંતરરાષ્ટ્રિય કલાકાર શ્રી સાંઈરામ દવે એ જોયો અને તેમણે શ્રી નેહલબેન ગઢવીને ફોન કરીને વાત કરી કે આ બાળકોનાં કલ્યાણ અર્થે એક સાંજ મારે આપવી છે, અને એ સાથે જ એક ચેરીટી શો નું આયોજન કરવાનું કહ્યું તા.૧૭/૦૫/૨૦૧૯, શુક્રવારનાં રોજ ઈસ્કોન કલબ ખાતે ભાવનગરમાં ૨૧૦૦ લોકોએ આ કાર્યક્રમ રસભર રીતે માણ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન તેમજ ફેસબુકનાં માધ્યમથી કેટલાંય નામી અનામી લોકો જોડાયા હતાં જેમાં અંદાજીત રૂા. ૨૩,૦૦,૦૦૦/- ડોનેશન પ્રાપ્ત થયું અને જનજાગૃતિની નવી દિશા ખૂલી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી સાંઈરામ દવે એ નિઃશુલ્ક કાર્યક્રમ તો આપ્યો પણ દાતાઓને સંસ્થામાં જોડાયેલ રહેવા માટે નમ્ર પ્રાર્થના પણ કરી હતી.

શ્રી સાંઈરામ દવેનાં અદભૂત અવાજ, લોકસાહિત્યની સરવાણીથી લોકો ભાવવિભોર થઈ ગયા હતા આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાનાં માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ અને શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ ખૂબ પ્રયાસ કર્યો હતો તેમજ 'અંકુર' શાળાના શિક્ષકોએ ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું હતું. આજ સુધી લોકો આ કાર્યક્રમની સુંદરતા, ભવ્યતા અને શિસ્તનાં વખાણ કરે છે.

શ્રી સુભાષભાઈ ભટ્ટ તથા શ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નથી આ અદભૂત કાર્યક્રમમાં જાણીતા લેખક શ્રી જય વસાવડા, શ્રી કાજલ ઓઝા વૈદ્ય તેમજ લોકગાયક શ્રી કિર્તીદાન ગઢવી શ્રી હેમાલી વ્યાસ શ્રી દેવકી જોડાયા હતા તેમજ ઈસ્કોન કલબ એ પણ સામાજિક ઉતરદાયીત્વના ભાગરૂપે આ કાર્યક્રમ માટે વિનામૂલ્યે સ્થળ ઉપયોગ માટે આપેલ.

આ કાર્યક્રમને સોશ્યલ મીડીયા પર પણ ખૂબ સરાહનિય પ્રતિભાવ મળ્યો હતો લગભગ ૬૩,૦૦૦ લોકોએ ફેસબુક લાઈવ આ કાર્યક્રમ નિહાળ્યો હતો. તથા ૨,૫૦,૦૦૦ થી વધુ લોકોના સોશ્યલ મિડિયા પર વ્યૂ મળ્યા છે. 'અંકુર' ના ઈતિહાસમાં શ્રી સાંઈરામ દવે એ એક સોનેરી અધ્યાય અંકિત કર્યો છે.

***Special Thanks*** **: આ કાર્યક્રમમાં ટીકીટ ખરીદીને, બેનર દ્વારા જાહેરાત આપીને કે ડાયરેકટ ડોનેશન આપીને સંસ્થાને આર્થિક સહયોગ આપનાર દરેક નામી અનામી સંસ્થા, ગૃપ, કલબ તેમજ વ્યકિતઓનો અંકુર પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે.**







## રમત-ગમત



● **ઈન્કલ્યુઝીવ ચેસ રમત**

તા.૧૯/૦૮/૨૦૧૮નાં રોજ શાળાનાં કેમ્પસમાં સામાન્ય બાળકોની સાથે આપણી શાળાના બાળકોને ચેસની રમત રમાડવામાં આવેલ જેમાં શાળાના મંદબુદ્ધિ બાળકોને ખૂબજ મજા પડેલ. આ પ્રોગ્રામમાં શિક્ષક શ્રી જયપાલસિંહ, મોનાલીબેન હાજર રહેલ. જેનું સમગ્ર સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવેલ.




● **ફ્લોર હોકી સીલેકશન કેમ્પ**

તા.૦૧/૧૦/૨૦૧૮ થી તા.૦૨/૧૦/૨૦૧૮ દરમ્યાન આણંદ ખાતે ફલોર હોકી સીલેકશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના વિદ્યાર્થી આમીર જેઠવા તથા મીનલ રાઠોડે ભાગ લીધેલ જેમાં એસકોર્ટ તરીકે શ્રી મોનાલીબેન ઓફિશ્યલ તરીકે આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણીએ સેવા પુરી પાડેલ.




● **સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં શાળાની સિદ્ધિ**

તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા દિવ્યાંગ બાળકો માટે સ્પેશયલ ખેલ-મહાકુંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટીક્સ તેમજ ટીમ ગેઈમમાં ભાગ લઈ ૨૦ બાળકોએ પ્રથમ, ૮ બાળકોએ દ્વિતિય અને ૧૧ બાળકોએ તૃતિય સ્થાન મેળવી અંદાજીત રૂા. ૧,૪૬,૦૦૦ રોકડ પુરસ્કાર મેળવેલ. જિલ્લા કક્ષાએ અંકુર શાળાનું નામ રોશન કરેલ. જેમાંથી પ્રથમ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થી રાજ્યકક્ષાએ રમવા ગયેલ.

● **સ્પેશ્યલ ખેલ-મહાકુંભમાં રાજ્ય કક્ષાએ શાળાની સિદ્ધિ**

તા. ૧૫/૧૨/૨૦૧૮ થી તા.૨૦/૧૨/૨૦૧૮ દરમ્યાન અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાના સ્પેશ્યલ ખેલ-મહાકુંભ રમોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટીકસ અને ટીમ ગેઈમમાં ભાગ લીધેલ જેમાં બેડમિન્ટનમાં ભાવેશ ચુડાસમાએ ગોલ્ડ મેડલ મેળવેલ તેમજ ઈટાલીયન ગેઈમ બોચીમાં કળસરીયા હિંમાશુ, ચૌહાણ જયદીપ અને ઘોઘારી અસીમે ગોલ્ડ મેડલ મેળવેલ તેમજ ગોળાફેકમાં રાઠોડ મિનલે બ્રોન્ઝ મેડલ મેળવેલ આમ, રાજકક્ષાના રમોત્સવમાં ૪ ગોલ્ડ તથા ૧ સિલ્વર મેડલ મેળવી 'અંકુર' શાળાનું નામ ગુંજતુ કરેલ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ રમતોની પ્રેકટીસ કરાવવામાં આવેલ. અને દરેક શિક્ષકોએ ખૂબ જ સરાહનિય કામગીરી બજાવેલ.

# અન્ય



● **મનોરંજન – સર્કસ**

તા.૧૯/૦૮/૨૦૧૮ના રોજ ભાવનગર સ્થિત ''નવકાર ગ્રુપ'' દ્વારા શાળાનાં બાળકો માટે વિનામુલ્યે સર્કસ નિહાળવાના પ્રોગ્રામનું સુંદર આયોજન કરવામાં આવેલ. બાળકોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક સર્કસ નિહાળી મજા કરેલ તથા બાળકો માટે નાસ્તાની પણ સારી એવી વ્યવસ્થા કરવામાં આવેલ.

➢ તા.૧૧/૦૯/૨૦૧૮ના રોજ ભાજપ પ્રદેશ અધ્યક્ષ તેમજ ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા તેમના જન્મ દિવસ નિમિત્તે બાળકોને જમાડવામાં આવેલ.



● **વિદાય સમારંભ**

તા.૩૦/૧૦/૨૦૧૮નાં રોજ શાળાનાં ઉદ્યોગ શિક્ષક શ્રી વર્ષાબેન પટેલ વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ એ શ્રી વર્ષાબેન પટેલનું પુષ્પગુચ્છથી અભિવાદન કરેલ તથા માનદ્ ટેઝરર શ્રી દેવલભાઈ શાહે સ્મૃતિ ચિન્હ અર્પણ કરેલ. શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઈ) એ શાલ અર્પણ કરી અભિવાદન કરેલ. ત્યારબાદ શ્રી અનંતભાઈ કે. શાહ (શ્રી બાબાભાઈ), શ્રી અનંતભાઈ એ. શાહ (શ્રી મફતભાઈ), શ્રી વિનુભાઈ હકાણી, શ્રી ભારતીબેન ભટ્ટ તેમજ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, શ્રી પારૂલબેન પાઠકે વર્ષાબેન સાથેના સંસ્મરણો વાગોળેલ. કાર્યક્રમના અંતમાં શ્રી વર્ષાબેન પટેલ દ્વારા મહેમાન તથા સ્ટાફ માટે અલ્પાહારનું આયોજન કરવામાં આવેલ.





➢ તા.૧૪/૧૨/૨૦૧૮ના રોજ શિક્ષણ મંત્રી તથા ભાવનગર પૂર્વના ધારસભ્ય શ્રી વિભાવરીબેન દવે તરફથી શાળાના બાળકો માટે ટોમેટીના રેસ્ટોરન્ટ ખાતે જમણવારનું આયોજન કરવામાં આવેલ.

➢ તા.૦૫/૦૨/૨૦૧૯ના રોજ સંસ્થાના મદદનીશ શિક્ષક શ્રી નેહલબેન ગઢવી તરફથી તેમના જન્મદિવસ નિમિતે ડિમ્પલ રેસ્ટોરન્ટમાં બાળકો, સ્ટાફ, વાલીઓ, ટ્રેઈનિઝ તથા રીક્ષા ચાલક ભાઈઓ માટે જમણવારનું આયોજન કરેલ.

● **પ્રભુવંદના કાર્યક્રમ**





તા.૧૦/૦૩/૨૦૧૯ના રોજ સંસ્થાના દાતા તથા શુભેચ્છક શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના પિતા સ્વ. શ્રી. જયંતિલાલ દુર્લભજીભાઈ દેસાઈ તેમજ શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈના ધર્મપત્નિ સ્વ. થોરુનબેનના સ્મરણાર્થે પ્રભુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ડો. શ્રી ભાવનાબેન અંધારિયા શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી કિષ્નાબેન રૂપેરાએ સુંદર ભજનો રજુ કરેલ અને શ્રદ્ધાંજલી અર્પેલ. આ પ્રસંગે માન. શ્રી ખુશેન્દ્રભાઇ દેસાઇ તથા તેમના પરીવારજનો તેમજ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઇ), પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઇ એ. શાહ (શ્રી મફતભાઇ) ઉપપ્રમુખ શ્રી વિનુભાઇ હકાણી તેમજ માનદ મંત્રીશ્રી ડી. જે. ધંધુકીયા, સ્ટાફ તથા બાળકો ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.



● **મતદાન જાગૃતિ અભિયાન...**

શાળા ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત વાલીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રોબેશન ઓફિસર શ્રી પ્રદિપસિંહ ગોહિલ દ્વારા મતદાનનું મહત્ત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ તથા શ્રી મુકેશભાઈ વાઘેલાએ મતદાન અંગેની શપથવિધિ કરાવેલ. તેમજ વિડિયો દવારા મતદાન અંગેનું ડેમોસ્ટ્રેશન શ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રેશ્માબેન શાહે તથા આભારવિધિ આચાર્યશ્રી મેઘજીખાન કે. સાયબાણી દ્વારા કરવામાં આવેલ.



● **સ્કુલ બેગ વિતરણ**

તા.૨૦/૦૪/૨૦૧૯ ના રોજ ગુજરાત બેંક વર્કર્સ યુનિયનનાં સ્થાપના દિવસ નિમિતે યુનિયનના સભ્યો દ્વારા શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને સ્કુલ બેગનું વિતરણ કરવામાં આવેલ.

➢ દિવાળી નિમિત્તે દર વર્ષની માફક આ વર્ષે પણ પૂર્વ માનદ્ મંત્રીશ્રી અનંતભાઈ શાહ (મફતભાઈ) તરફથી શાળામાં તાલિમ મેળવતા જરૂરિયાતમંદ બાળકોને મીઠાઈ આપવામાં આવેલ.

- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અને દિવ્યાંગજન સશકિતકરણ વિભાગ દ્વારા સમગ્ર દેશમાં યુનિવર્સલ આઈ. ડી. કાર્ડ પર્સન્સ વીથ ડીસેબીલીટી પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત શાળામાં તાલીમ મેળવતા બાળકો તેમજ તળાજા તાલુકાના દિવ્યાંગ વ્યકિતઓના કુલ ૪૮ યુનિવર્સલ આઈ.ડી. કાર્ડ કાઢવામાં આવેલ. આ કામગીરી શાળાના કોમ્પ્યુટર ઓપરેટર શ્રી મયુરભાઇ રાઠોડ સુંદર રીતે કરી રહ્યા છે.
- શૈક્ષણીક વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન શાળામાં તાલીમ મેળવતા માઈલ્ડ કેટેગરી (હળવી મંદબુદ્ધિત્વ ધરાવતા) ૫૪ બાળકોને રાજ્યના સમાજ સુરક્ષા ખાતા દ્વારા બાળકદીઠ રૂા. ૧૦૦૦ ની સ્કોલપશીપ મળેલ

- **સ્પેશ્યલ થેંક્સ**

**શ્રી હંસાબેન ફતનાણી**



